| Date | Edition | Publication | Page no. |
|---|---|---|---|
| 27th August 2014 | Ahmedabad | Gujarat Niti | 03 |

## ઈન્ડિયા ઈલેક્ટ્સ-૨૦૧૪ લોંચ કરાયું - ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓ અંગે ભીતરની બાબતો અને મુખ્ય અંશો પર પ્રકાશ પાડતું ભારતનું સૌથી સર્વગ્રાહી ચૂંટણી-સંબંધિત હકીકત પુસ્તક

ચૂંટણીલક્ષી વિગતો અને વિશ્લેષણ પ્રસ્તુત કરતા ભારતના ટોચના પોર્ટલ - ElectionsinIndia.com દ્વારા આજે તેના *ઈન્ડિયા ઈલેક્ટ્સ ૨૦૧૪ અ કોમ્પ્રીહેન્સીવ એનાલીસીસ ઓફ જનરલ ઈલેક્શન રીઝલ્ટ્સ ઓફ ઈન્ડિયા: ૨૦૦૯-૨૦૧૪* શિર્ષક ધરાવતા પુસ્તકનું ધ કોન્સ્ટીટ્યૂશન હોલ, નવી દિલ્હી ખાતે વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં એનડીટીવી લિમિટેડના એક્ઝિક્યુટિવ ચેરપર્સન અને જાણીતા વિચારક, ડૉ. પ્રણોય રોય લિખિત પ્રસ્તાવના અને ડેટાનેટ ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર ડૉ. આર કે ઠુકરાલની પૂર્વભૂમિકા છે.

પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરાયો છે કે, ભારત પાસે વિશ્વની સૌથી આધુનિક ઈલેક્ટ્રોનિક વોટિંગ પ્રણાલિ છે, ત્યારે તેમાં એ બાબતની ટીકા કરાઈ છે કે પોતાની ચૂંટણીઓ અંગે અત્યાર સુધી તેણે બહુ ઓછું પાયાગત સંશોધન કર્યું છે, અને આ કારણે જ *ઈન્ડિયા ઈલેક્ટ્સ ૨૦૧૪* આટલું બધું મહત્ત્વ ધરાવે છે. પોતાના ગહન ડેટા દ્વારા આ પુસ્તક ભારતમાં ગત ૭ એપ્રિલથી ૧૨ મે ૨૦૧૪ દરમિયાન યોજાયેલી સામાન્ય ચૂંટણીઓનું વિશ્લેષણ ધરાવે છે, જે ભારતીય ઇતિહાસમાં સૌથી લાંબી ચૂંટણીઓ હતી અને વિશ્વભરની એક સૌથી મોટી મતદાન પ્રણાલિ હતી જેમાં ૮૧.૪ કરોડ મતદારોએ ભાગ લીધો હતો

જેની તુલનામાં અમેરિકામાં ૧૯.૩૬ કરોડ અને યુકેમાં ફક્ત ૪.૫૫ કરોડ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં જોડાયા હતા. ભારતમાં પ્રથમવાર કોંગ્રેસ સિવાયના કોઈ પક્ષે સ્પષ્ટ બહુમતિ મેળવી છે. પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરાયો છે કે ૩૦ કરતા વધુ દેશના ૧૪૦થી વધુ મુલાકાતીઓએ એક સર્વોત્તમ ચૂંટણી પ્રણાલિનો પ્રથમ-હસ્ત અનુભવ મેળવ્યો હતો જે હવે ઘણા દેશો માટે આદર્શ પ્રણાલિ તરીકે કામ કરી શકે છે.

અમુક મુખ્ય અંશો પર પ્રકાશ પાડતા, ડેટાનેટ ઈન્ડિયાના ડિરેક્ટર ડૉ. આર કે ઠુકરાલે જણાવ્યું હતું કે, આ પુસ્તકમાં ભારતની ૨૦૦૯ અને ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓનું તુલનાત્મક વિશ્લેષણ કરાયું છે જે માટે ૨૦૧૫ની નકશા, ૨૩૫થી વધુ ગ્રાફ અને અસંખ્ય આંકડાકીય વિગતોની મદદ લઈને રસપ્રદ મુખ્યઅંશો અને ભીતરની વાતો જણાવાઈ છે. નોંધપાત્ર બાબત એ છે કે, ભારતના મતદારોનો આંક જ અમેરિકા અને પશ્ચિમ યુરોપની સંયુક્ત વસતિ કરતા પણ વધુ છે.

જ્યારે ભારતના સૌથી મોટા મતક્ષેત્ર લડાખનું ભૌગોલિક ક્ષેત્રફળ (૧૭૨,૩૭૪ ચો. કિ.મી.) બાંગ્લાદેશ, નેપાળ અને ઉત્તર કોરિયા જેવા ઘણા સાર્વભૌમ દેશો કરતા વધુ છે. પ્રથમ વખત, ભારતીય મતદારો પાસે નોટો (નન ઓફ ધ અબોવ) બટનનો ઉપયોગ કરીને તમામ ઉમેદવારોને નકારી કાઢવાનો વિકલ્પ હતો.

આ પુસ્તક વિમોચન પ્રસંગે, ડેટાનેટ ઈન્ડિયાના ડિરેક્ટર મદન બહલે જણાવ્યું હતું કે, ભારતમાં સ્વતંત્રતાથી અત્યાર સુધીની તમામ સંસદીય અને વિધાનસભા ચૂંટણીઓના પરિણામોનો સારાંશ ElectionsinIndia.com દ્વારા પોતાના પોર્ટલના માધ્યમે અને નગર, ગ્રામ તથા બૂથ લેવલના ચૂંટણી પરિણામોને કક્કર નકશાની મદદથી પ્રસ્તુત કરાયો છે.

ElectionsinIndia.com તથા અન્ય ૭૨૦ વેબસાઈટ્સ ભારત, તેના સેક્ટર્સ, ક્ષેત્રો, રાજ્યો અને જિલ્લાઓ વિષેનો ડેટા પ્રસ્તુત કરી રહી છે જેના માલિકી ડેટાનેટ ઈન્ડિયાની છે. તેની વિશાળ માલિકીની સુવિધાઓ ઝડપથી ડેટા એકત્રીકરણને સુગમ બનાવે છે, જેનાથી ડેટાનેટ ઈન્ડિયાને ચૂંટણીની ભીતરની બાબતો અને વિશ્લેષણમાં અભૂતપૂર્વ ધાર પ્રાપ્ત થાય છે, જે પરિણામોને એક સ્પષ્ટ સંકેત તરીકે પ્રસ્તુત કરે છે.